પૂર્વછાયો- મોટા ભક્ત મારૂ દેશના, અને મોટાં જેનાં મન ।
સંગ કુસંગને ઓળખી, વળી થયા હરિના જન ॥૧॥
લેશ નહિ જે દેશમાં, સમજવા સુધી રીત ।
એવા દેશમાં ઉપજી, જેણે કરી હરિશું પ્રીત ॥૨॥
એવા જન પાવનનાં, કહું કાંયેક હવે નામ ।
ઉચ્ચ નીચ કુળમાં અવતરી, જેણે ભજ્યા સુંદરશ્યામ ॥૩॥

ચોપાઇ- ખરા ભક્ત કહીએ ખાણ ગામે, દેવજાતિ શંભુદાન નામે ।

ઘેર લાલુબાઈ હરિજન, જેણે જન્મ્યા લાડુજી પાવન ॥૪॥
રૂડા ભક્ત છે ખીમોજીભાઈ, ઘેરે મોટાં જન મોજબાઈ ।
એહાદિ બીજા જન ગણીજે, ભલાભક્ત ખાણમાં ભણીજે ॥૫॥
ભક્ત એક છે ચેલો લુવાર, વસે તે ભીલમાલ મોઝાર ।
ક્ષત્રિ ભક્ત હેમરાજ નામે, ભજે હરિ રહે નરોલી ગામે ॥૬॥
ભક્ત કણબી દેવશી જાણીયે, દ્વિજ ચેલો ગામ ઝુઝાંણીયે ।
વાલી ગામે વસે બહુ જન, દ્વિજ વિરમ ભક્ત પાવન ॥૭॥
દ્વિજ વખતો ગામ જોધાવે, વ્યાધ મેઘરાજ ભક્ત કાવે ।
ભક્ત વખતો જાત્યે વાઘરી, રહી ઉનડિયે ભજ્યા હરિ ॥૮॥
ખીમો ભજે હરિ ભાવ ભલે, જાત્યે વાઘરી વસે સાયલે ।
હરિભક્ત વાઘરી ઈશરો, વસે દાસપામાં દાસ ખરો ॥૯॥
ગામ ભુકામાંહિ ભજે હરિ, ભક્ત અમરો જાત્યે વાઘરી ।
ભક્ત જોધો જન જીવીબાઈ, રહે વાઘરી ગામ દેતામાંઈ ॥૧૦॥
ભક્ત વાલો વખાણું વાઘરી, ભલી ભક્તિ પ્રભુજીની કરી ।
બાઈ રૂપા મેઘી ને કેશર, ગામ સુરાણે ભક્ત સુંદર ॥૧૧॥
ઉદો વાઘરી રહે ગામ ધાખે, મુખે સ્વામિનારાયણ ભાખે ।
ભક્ત જીવો વાઘરી વાલેરે, ભજે ભગવાન રૂડી પેરે ॥૧૨॥
ભક્ત વાઘરી પદમો નામ, ભજે હરિ રહે આકવે ગામ ।
ગામ ચોરવે જીવો વાઘરી, તજી કુળધર્મ ભજ્યા હરિ ॥૧૩॥
એહ આદિ વાઘરી અપાર, વસે તે મારૂ દેશ મોઝાર ।
તજી મેલી નિજકુળ રીતિ, કરી પ્રકટ પ્રભુ સાથે પ્રીતિ ॥૧૪॥
સારા ભક્ત છે શિરોઈ ગામ, કહું સાંભળજ્યો તેનાં નામ ।
મોટા ભક્ત છે જાત્યે લુવાર, કરૂં તેનાં નામનો ઉચ્ચાર ॥૧૫॥
દલો રતનો લખમણ લહીએ, પનો મેરામ અજબો કહીએ ।
જેઠો હદો ધન રૂપ ધીરો, મુળો પદમો હવો ને વીરો ॥૧૬॥
હદા પના આદિ બહુ ભાઈ, હવે કહું હરિજન બાઈ ।
દલુ વાલુ ઉમાંબાઈ સોનાં, લાધી મટુ ઈંદુબાઈ પુનાં ॥૧૭॥

એહાદિ બાઈ ભાઈ લુવાર, એક ભક્ત છે સવો કુંભાર ।
એહ આદિ બીજા જન સોઈ, ભજે હરિ રહે ગામ શિરોઈ ॥૧૮॥
હરિભક્ત છે પ્રેમો કુલાલ, સત્સંગી એ ગામ જવાલ ।
રૂડો રબારી નામ છે કલો, ગામ ગોયલીમાં ભક્ત ભલો ॥૧૯॥
એક ભક્ત પવિત્ર પાલીયે, તુલાધાર ઉદાર તે કહીયે ।
નામ હરિજન હેમરાજ, હરિ ભજી કર્યું નિજકાજ ॥૨૦॥
એહ આદિ મારૂ દેશમાંઇ, બીજા બહુ ભક્ત બાઇ ભાઇ ।
સરવે સોંપી તન મન ધન, કરે સ્વામી શ્રીજીનું ભજન ॥૨૧॥
હવે કહું ગુજરાતી જન, અતિ પવિત્ર ભક્ત પાવન ।
હેત પ્રીત્યે ભર્યાં જેનાં હૈયાં, પ્રેમી નેમીમાં ન જાય કહીયાં ॥૨૨॥
એવા જનનાં લખતાં નામ, મારા હૈયામાંહિ ઘણી હામ ।
સોની ભક્ત છે કસ્તુરોભાઇ, હરિજન દ્વિજ શિવબાઇ ॥૨૩॥
સાચી ભક્તિ એ સ્વામીની કરે, ભજે હરિ રહે આમનગરે ।
જન જતન બાઇ દયાળ, દ્વિજ ભક્ત રહે પેઢમાળ ॥૨૪॥
હરિભક્ત દ્વિજ ઇચ્છાબાઇ, વસે ગામ તે પોગલામાંઇ ।
દ્વિજ ભક્ત જીવી હરિજન, ગામ પિલોદરે એ પાવન ॥૨૫॥
કણબી ભક્ત ઉકોભાઇ કહીએ, તે રહે ગામ મામરોલિયે ।
પ્રેમી ભક્ત રહે પ્રાંતિગામ, દ્વિજ મયારામ કાશીરામ ॥૨૬॥
કેવળરામ નારાયણ ત્રણ, શિવો જોઇતો સ્વામીને શરણ ।
હરિભાઇ ને ગોવિંદરામ, મોતીરામ જીવરામ નામ ॥૨૭॥
એહાદિ ભક્ત દ્વિજ પાવન, હવે કહું બાઇઓ હરિજન ।
બાઇ રૂપાં ને બે ઇચ્છાબાઇ, વાલુ ત્રણ્યેને હરિશું સગાઇ ॥૨૮॥
બાઇ રામું રખું ને માણક, સોનાં નાની હિરૂ મોંઘી એક ।
ફુલબાઇ મુળીબાઇ દોય, વખત એક હરિજન સોય ॥૨૯॥
એક કહીએ દ્વિજ હરિજન, હવે કહું વણિક પાવન ।
મોટો ભક્ત છે તુલજારામ, નથુ શા ને સાકળચંદ નામ ॥૩૦॥
પીતાંબર બેચર ભગવાન, મિઠાલાલ ને હરિજીવન ।

બાઈ બેનકુંવર અંબા એક, એહાદિ હરિજન વણિક ॥૩૧॥
સોની ત્રિકમજી હરિજન, ભાટ અપરૂ બફતો પાવન ।
વીતરાગી છે અમૃતબાઈ, એહાદિ જન પ્રાંતિજમાંહિ ॥૩૨॥
કોળી ભક્ત રહે લીઓડગામ, ઉમોજી વળી વાઘજી નામ ।
હરિભક્ત છે ઝવેરભાઈ, જેની પ્રીત છે પ્રભુજીમાંઇ ॥૩૩॥
કણબી ખુશાલ બેચર નામ, બાઈ અવલ રહે સાણોદે ગામ ।
કોળી ભક્ત દયાળજી ધનોજી, છલોજી સારજી ને પનોજી ॥૩૪॥
બનોજી બાઈ અવલ ફુલ, ગામ સલકિયે ભક્ત અમુલ ।
કણબી ભક્ત ગણેશજી કહીએ, ભૂધર વિકૂલ નાનજી લહીએ ॥૩૫॥
ત્રિકમ ને શા વલભરામ, ભક્ત વખતબા વણિક નામ ।
જન રૂપાં રામુ રળિયાત, સોની જમનાં વખત દ્વિજ જાત ॥૩૬॥
એક છે રૂપાઈ નાઈ જન, એહાદિ હરિજન પાવન ।
એક લુવાર થાવર નામે, એહ આદિ હરિભક્ત દેગામે ॥૩૭॥
દ્વિજ ભક્ત છે મનછારામ, હરિ મંગળ મુળજી નામ ।
પીતાંબર આદિ ભક્ત ભાઈ, જેકુંવર જતન રામબાઈ ॥૩૮॥
એહ આદિ બાઈ ભાઈ જેહ, વસે ગામ વાસણામાં તેહ ।
મોટા ભક્ત વસે છે વેલાલ, જન જેસંગભાઈ દયાલ ॥૩૯॥
જેઠો જીજી મકોભાઈ કહીએ, અજુ વસતો મનોહર લહીએ ।
શામલ ગિરધર ને નથુભાઈ, બાઈ વખત રળિયાત બાઈ ॥૪૦॥
જીતબા તેજબા દત્તાબાઈ, ભક્ત એ કણબી કુળમાંઇ ।
દ્વિજ હરિ ને અવલબાઈ, એહ આદિ છે વેલાલમાંઇ ॥૪૧॥
ક્ષત્રિભક્ત અમરસિંહ નામ, શા જેચંદ તે કુજાડ્ય ગામ ।
કણબી ભક્ત કહીએ સુરદાસ, ભક્ત નાથે તજી જગઆશ ॥૪૨॥
દયાળજી ને દાસ ઝવેર, ક્ષત્રિ ઉમોભાઈ ને હમીર ।
એહ આદિ બીજાં બહુ જન, રહે કણભે ભક્ત પાવન ॥૪૩॥
ભક્ત અમદાવાદે અનેક, ભજે હરિ તજે નહિ ટેક ।
જીયાં વિરાજે બદરીપતિ, તિયાં સરવે જન શુભમતિ ॥૪૪॥

ભક્ત આદિ શેઠ ઈચ્છારામ, હિરાચંદ બે ભક્ત અકામ ।
મનોહર કુબેર ગોવિંદ, ગોપાલ ગોકુળ ને આનંદ ॥૪૫॥
રણછોડ ત્રિકમ બેચર, આશારામ શામળ કુબેર ।
મોહનલાલ દોલા આદિ ભાઈ, હવે કહું હરિજન બાઈ ॥૪૬॥
વ્રજકુંવર રતનબાઈ, આદિતને હરિશું સગાઈ ।
અંબા લક્ષ્મી ને ઠકરાણી, શામકુંવર અચરત જાણી ॥૪૭॥
એહ આદિ જે વણિક વૃંદ, એક ભક્ત છે હરગોવિંદ ।
હવે કહું દ્વિજ હરિજન, નથુ જુગલ જન પાવન ॥૪૮॥
હિંમતરામ ને જીવણરામ, હરેશ્વર ને મહાદેવ નામ ।
કાશીરામ કુબેરજી કહીએ, ગણપતરામ નામે દોય લહીએ ॥૪૯॥
આદિત ગિરધર સોમનાથ, કહું હરિજન બાઈ સાથ ।
ગંગા રેવા ને શિવકુંવર, જમના હરિ દેવ વિપર ॥૫૦॥
ક્ષત્રિ ભક્ત છે કુબેરસિંઘ, કહું કણબી ભક્ત અનઘ ।
શંભુદાસ દામોદર નામ, વાલો વજેરામ ગંગારામ ॥૫૧॥
લાલદાસ દો કેવળરામ, રણછોડ દયાળજી નામ ।
ભક્ત ભાવસિંઘજી સુધીર, પીતાંબર પાનાચંદ વીર ॥૫૨॥
પ્રેમજી ખુશાલ ભાઈચંદ, હીરો રાયજી હરગોવિંદ ।
લખો કસલો ને ગંગારામ, ભક્ત વસતો માણયકો નામ ॥૫૩॥
હરિભક્ત બાઈ વજી હરિ, મોટાં જન છે માનકુંવરી ।
એહાદિ ભક્ત કણબી કહીએ, સારા હરિજન સોની લહીએ ॥૫૪॥
પુરૂષોત્તામ ભક્ત મંગળ, લક્ષ્મીચંદ છે જન અમળ ।
હિરાચંદ આદિ ભક્ત ભાઈ, બાઈ દેવ ને દિવાળીબાઈ ॥૫૫॥
કડિયા કુબેર ને અંબારામ, ભજે હરિ જાણી સુખધામ ।
ભક્ત સુતાર છે દામોદર, હરિજન જગો ને ભૂધર ॥૫૬॥
કૃષ્ણ બેચર ને અંબારામ, હરિ આદિ જણસાળી નામ ।
એહાદિ બાઈ ભાઈ અપાર, વસે અમદાવાદ મોઝાર ॥૫૭॥
સેવે નરનારાયણ દેવ, પાડી અંતરે અલૌકિ ટેવ ।

એવા જન નિર્મળ જેહ, નાવે લખતાં લખવામાં તેહ ॥૫૮॥

પૂર્વછાયો- ધન્ય ધન્ય એવા જનને, જેનાં હરિપરાયણ મન ।
તન ધન તૃણ તોલે ગણી, કરે સ્વામી શ્રીજીનું ભજન ॥૫૯॥
એકએકથી અધિક અંગે, પ્રેમ નિયમે પૂરણ ।
અપાર નરનારી મળી, વળી થયાં સ્વામીને શરણ ॥૬૦॥
પ્રકટ પ્રતાપ પ્રાપતિ, નહિ અમૃતપદની ઉધાર ।
એવું જાણી અંતરે, ભજે નિર્ભય થઈ નરનાર ॥૬૧॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે મારૂ દેશ તથા ગુર્જરદેશના હરિજનનાં નામ કહ્યાં એ નામે એકસો ને વિશમું પ્રકરણમ્ ॥૧૨૦॥